Friday
11.10.2024
✳Volume :9 ✳ Issue No.85
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ શ્રી રતન ટાટાના નિધન પર શોક વ્યકત કર્યો

શ્રી ટાટા એજ્યુકેશન, હેલ્થકેર, સેનિટેશન, એનિમલ વેલ્ફેર જેવા મુદ્દાઓને આગળ વધારવામાં મોખરે હતાઃ પ્રધાનમંત્રી

કમલમ્,
પ્રધાનમંત્રીશ્રીનરેન્દ્ર મોદીએ શ્રી રતન ટાટાના નિધન પર શોક વ્યકત કર્યો. શ્રીમોદીએ કહ્યું કે શ્રી ટાટા એક સ્વપ્નદ્રષ્ટા બિઝનેસ લીડર, એક દયાળુ આત્મા અને અસાધારણ માનવીહતા. તેમણેભારતના સૌથી જૂના અને સૌથીપ્રતિષ્ઠિત બિઝનેસ હાઉસ્માનાએકને સ્થિર નેતૃત્વ પૂરું પાડ્યું. સાથે , તેમનું યોગદાન બોર્ડરૂમથી ઘણું જ આગળ હતું. તેમની નમ્રતા, દયા અને આપણા સમાજને યોગ્ય બનાવવાની અતૂટ પ્રતિબદ્ધતાના કારણે તેમણે ઘણા લોકોને પોતાના પ્રશંસક બનાવ્યા હતા.” “શ્રીરતન ટાટાજીના સૌથી અનોખા પાસાઓમાંનું એક મોટું સ્વપ્ન જોવા અને પાછું આપવા પ્રત્યેનો તેમનો જુસ્સો હતો. તેઓ શિક્ષણ, આરોગ્યસંભાળ, સ્વચ્છતા, પશુ કલ્યાણજેવા કેટલાક કારણોને આગળધપાવવામાં મોખરે હતા.” “મારું મન શ્રીરતન ટાટા જી સાથે અસંખ્ય મુલાકાતોથી ભરાયેલું છે. હું જ્યારે ગુજરાતનો મુખ્ય મંત્રી હતો, ત્યારે હું તેમને અવાર નવાર મળતો હતો. અમે વિવિધ મુદ્દાઓ પર વિચારોની આપ-લે કરતા હતા. મને તેમના દ્રષ્ટિકોણ ખૂબ સમૃદ્ધ લાગ્યા. હું જ્યારે દિલ્હી આવ્યો ત્યાર બાદ પણ આ મુલાકાત ચાલુરહી. તેમના નિધનથી ખૂબ જ દુઃખ થયું. આ દુઃખદ ઘડીમાં મારી સંવેદનાઓ તેમના પરિવાર, મિત્રોઅને પ્રશંસકો સાથે છે. ઓમ શાંતિ.”

મોટા સપના જોવાના અને સમાજને પાછું આપવાનો શ્રી ટાટાનો જુસ્સો અજોડ હતું : પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રીએ લાઓ રામાયણનું મંચન નિહાળ્યું

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી લાઓ રામાયણના એક એપિસોડના સાક્ષી બન્યા – જેને ફલક ફલમ્ અથવા ફા લક ફા રામ કહેવામાં આવે છે – જેને લુઆંગ પ્રબાંગના પ્રતિષ્ઠિત રોયલ થિયેટર દ્વારા રજૂ કરાયું હતું. લાઓસમાં રામાયણનું આયોજન યથાવત છે, અને આ મહાકાવ્ય બંને દેશો વચ્ચે વર્ષોથીલે વારસો અને વર્ષો જૂની સંસ્કૃતિના જોડાણનપ્રતિબિંબિત કરે છે. લાઓસમાંસદીઓથી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના અનેક પાસાંઓ પ્રેક્ટિસ્યુ અને સાચવવામાં આવ્યા છે. બંને દેશો તેમના સહિયારા વારસાને પ્રકાશિત કરવા માટે મળીને કામ કરી રહ્યા છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ લાઓસમાં વેટ ફો મંદિર અને સંબંધિત સ્મારકોને પુનઃસ્થાપિત કરવામાં સામેલછે. આપ્રસંગે ગૃહ મંત્રી, શિક્ષણ અને રમતગમત મંત્રી, બેંક ઓફ લાઓ પીડીઆરના ગવર્નર અને વિએન્ટિયનના મેયર સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. રામાયણ પર્ફોર્મન્સ પહેલાં, પ્રધાનમંત્રી લાઓ પીડીઆરની સેન્ટ્રલ બૌદ્ધ ફેલોશિપ ઓર્ગેનાઈઝેશનના વરિષ્ઠ બૌદ્ધ સાધુઓ દ્વારા આયોજિત આશીર્વાદ સમારોહમાંભાગ લીધો હતો, જેનું નેતૃત્વ વિએન્ટિઆનમાં સી સાકેત મંદિરના આદરણીય મહાધિપતિ મહાવેથ મસેનાઈએ કર્યું. બૌદ્ધ વારસો ભારત અને લાઓસ વચ્ચેના ગાઢ સભ્યતાના બંધનોના બીજા પાસાને રજૂ કરે છે.

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને દેશના ઔદ્યોગિક નક્શે આગવું સ્થાન પામેલા ટાટા ગ્રુપના સ્વ. શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવવા મુંબઈ પહોંચ્યા હતા. સ્વર્ગસ્થનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ લેન, નરીમાન પોઈન્ટ, મુંબઈ ખાતે રાખવામા આવ્યો છે ત્યાં જઈને મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થના અંતિમ દર્શન કર્યા હતા અને ભાવાંજલિ આપી હતી.

મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં માંડવીની ખેડપુર પ્રા.શાળામાં તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

માંડવી તાલુકાની વિવિધ શાળાઓના ૧૫૦થી વધુ બાળકોએ ગણિત-વિજ્ઞાનની ૭૦ કૃતિઓ રજૂ કરી

વિજ્ઞાન-ટેક્નોલોજીનો માનવીના સતત અને સર્વાંગી વિકાસમાં ખૂબ અગત્યનો ફાળો :- આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ

કમલમ્, સુરત
આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં સુરતના માંડવી તાલુકાની ખેડપુર પ્રા.શાળા ખાતે તાલુકા કક્ષાનું 'બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન' યોજાયું હતું. GCERTગાંધીનગરતમજ જિલ્લાશિક્ષણ અનેતાલીમભવન-સુરત પ્રેરિત બ્લોક રિસોર્સ સેન્ટર-માંડવીના ઉપક્રમે 'ટેકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી'ની થીમ પર યોજાયેલા બાળવૈજ્ઞાનિક પ્રદર્શનમાં માંડવીતાલુકાની વિવિધ પ્રા.શાળાઓના ૧૫૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેમા 'સસ્ટેનેબલ ફ્યુચર' વિષય આધારિત ફૂડ હેલ્થ એન્ડ હાઈજીન, પરિવહન સંચાર, પ્રાકૃતિક ખેતી, મેથેમેટિક મોડેલ એન્ડ કોમ્પ્યુટેશનલ થીંકીંગ તેમજ ડિઝાસ્ટર મેનેજ મેન્ટ વિષય પર ૭૦ વૈજ્ઞાનિક કૃતિઓ રજૂ કરાઈ હતી. આ પ્રસંગે આદિજાતિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ દેશનો વિકાસ, શૈક્ષણિક અને વૈજ્ઞાનિક સંશોધનો પર આધાર રાખે છે. બાળકોને નાનપણથી જ રોજેરોજ થતીક્રિયાઓમાંછુપાયેલા વિજ્ઞાનની સમજ આપવાથી તેઓ વિજ્ઞાનને સાચા અર્થ વ્યાવહારિક અર્થમાં સમજી શકશે. શાળાઓમાં થતાં નિય મિત ગણિત-વિજ્ઞાન પ્રદર્શન મેળાને કારણે બાળકોમાં છુપાયેલા વૈજ્ઞાનિક સામર્થ્ય અને દ્રષ્ટિકોણનો વિકાસ થાય છે. માનવીના સતત અને સર્વાંગી વિકાસમાં વિજ્ઞાન-ટેક્નોલોજીનો ખૂબ અગત્ય નો ફાળો છે. ટેકનોલોજીના સહયોગથી માનવીને તમામ ક્ષેત્રોમાં સફળતાઓ મળી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીએ આધુનિક વિશ્વને એક તાંતણે બાંધી દીધું છે. આજ ના ભૂલકાંઓને કાલનું ઉજ્જવળ ભાવિ ગણાવી ભારતના મિસાઈલ મેન ડો.અબ્દુલ કલામ અને તેમના સફળ વૈજ્ઞાનિક સંશોધનો પર આધાર રાખે છે. બાળકોને નિશ્ચિત ધ્યેય સાથે સખત મહેનત કરવા પ્રોત્સાહન આપતા કહ્યું કે, કોઈ પણ ક્ષેત્રમાં સખત પરિશ્રમ કરવાથી ચોક્કસ સફળતા પ્રાપ્ત થાય છે. આ પ્રસંગે,તા.પ્રા. શિક્ષણાધિકારી શાંતિલાલ માહ્યાવંશી, સરપંચ હે માંગીબેન ચૌધરી, પૂર્વજિ.પંચાયત ઉપપ્રમુખ રોહિત પટેલ,તા.પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ મગનભાઈ ચૌધરી, બી.આર.સી.કોર્ડીનેટર નરેન્દ્રભાઈ ચૌધરી, પ્રાંત અધિકારી મામલતદાર, સામાજિક અગ્રણી દામુકાકા, આચાર્ય, શિક્ષકો અને બાળવૈજ્ઞાનિકો ઉપસ્થિતરહા હતા.

વડાપ્રધાનશ્રીના પ્રયત્નોથી છેલ્લા ૨૩ વર્ષમાં સમગ્ર ગુજરાત સહિત પવિત્ર યાત્રાધામ અંબાજીનો સર્વાંગી વિકાસ થયો:-મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

અંબાજી ખાતે પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં પદયાત્રાનું કરાયું આયોજન

રોજગારી, ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્ટાર્ટ અપ સહિત વિશ્વની અગ્રણી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં કાર્યરત થઈ:-મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

કમલમ્, પાલનપુર
વડાપ્રધાનશ્રીઅને ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજ્યના ૧૪મા મુખ્ય મંત્રી તરીકે તા.૭ ઓકટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસયાત્રાને ફરવટ બદલીહતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ-૨૦૦૧ થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં નાગરિકોને જોડી ઓકટોબર-૨૦૨૪ની તા. ૦૩ થી તા.૧૫ દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણીનું આયોજન રાજ્યની સાથે બનાસકાંઠાજિલ્લામાંપણ કરાયું છે. યાત્રાધામ અંબાજી ખાતે આજે બનાસકાંઠાજિલ્લાનાપ્રભારી અને કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં વિકાસ પદયાત્રાનું આયોજન કરાયું હતું. આ વિકાસ પદયાત્રા ૫૧ શક્તિપીઠ સર્કલથી શરૂ કરીને શક્તિ દ્વાર થઈને મંદિરના ચાચર ચોક સુધીયોજાઈ હતી. જેમાં ખાસ કરીને ગુજરાતરાજ્ય સહીત કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રજાલક્ષી થયેલા વિકાસ કાર્યોથી લોકોને અવગત કરવામાંઆવ્યા હતા. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીએને વર્તમાન વડાપ્રધાનશ્રીના પ્રયત્નોથી છેલ્લા ૨૩ વર્ષમાં સમગ્ર ગુજરાત અને પવિત્ર યાત્રાધામ અંબાજીનો સર્વાંગી વિકાસ થયો છે. આજે લાખો માઈભક્તો અંબાજી મંદિરે દર્શન કરીને ધન્યતા અનુભવે છે. ગુજરાત આજે વિકાસનુંરોલ મોડલ બન્યું છે. વિશ્વની અગ્રણી ૫૦૦ કંપનીઓ પૈકી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં કાર્યરતથઈ છે. આજે ગુજરાતમાં રોજગારી, ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્ટાર્ટઅપ, આરોગ્ય, શિક્ષણ, આવાસ સહિતની વિવિધ યોજનાઓ થકીછેવાડાના લોકોના સર્વાંગી વિકાસ થયો છે. આ પ્રસંગે દાંતા પ્રાંત અધિકારીશ્રી સિધ્ધિ વર્માએ કાર્યક્રમ અનુરૂપ શાબ્દિક સ્વાગતકર્યું હતું

જ્યારે અંબાજી વહીવટ દાર શ્રી કૌશિક મોદીએ છેલ્લા ૨૩ વર્ષમાં અંબાજીમાં થયેલા વિકાસ કાર્યો બાબત ઉપસ્થિતોને માહિતી આપી હતી. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા મન-વચન અને કર્મથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામૂહિક ભારત વિકાસ માટેની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી તથા ફિલ્મનું નિદર્શન કરાયું હતું.
આ પદયાત્રા કાર્યક્રમમાં પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેત ઠાકર, જિલ્લાકલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લાવિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા અગ્રણીશ્રી કિર્તિસિંહ વાઘેલા, શ્રી કનુ ભાઈ વ્યાસ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા.









કમલમ્,
કડાણા તાલુકાના કરવાઈ કંપા મુકામે કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના આચાર્ય વિનોબા ભાવેના સર્વોદયી વિચારોથી પ્રેરિત કર્મયોગી પરિવાર સુસ્તના પુરુષાર્થથી "૩૦૯ સરસ્વતીધામ" નવનિર્માણ અભિયાનના સંકલ્પકર્તાશ્રી માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરીટેબલ ટ્રસ્ટ સુસ્તનો ૨૧૦ મા ગાયત્રી કૂપા આદિવાસી વિકાસ યુવક મંડળ સંચાલિત શ્રી વૃંદાવન આશ્રમશાળા કરવાઈ કંપા ખાતે "એમ .આર. લુધરા કન્યા છાત્રાલય" ના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવી. આ તકે દાહોદના સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પ્રમુખશ્રી દશરથભાઈ બરંડીયા, જુલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઇ પટેલ, ટોકેન્ટ પાવર લિમિટેડના જનરલ મેનેજરશ્રી ઝવેરભાઈ ગોટી, સંસ્થાના પ્રમુખશ્રી કેશુભાઈ ગોટી, સુસ્તના શ્રી અર્જુનભાઈ વિરાણી, શ્રી ગીરીશભાઈ લુધરા, જુલ્લા ઉપાધ્યક્ષશ્રી ભગવતસિંહ પુવાર અને શ્રી અંબાલાલ પટેલ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઇ વળવાઇ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન માલીવાડ, સરપંચશ્રીઓ સહિત પાર્ટીના પ્રમુખ હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવો રિવરફ્રન્ટ દેશ - વિદેશના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર

આઇકોનિક અટલ બ્રિજ, જોય રાઇડ, રિવર ક્રુઝ, ચિલ્ડ્રન પાર્ક, સ્પોર્ટ્સ પાર્ક, બાયોડાઇવર્સિટી પાર્ક, ઇવેન્ટ સેન્ટર સાબરમતી રિવરફ્રન્ટની આગવી શોભા

કમલમ્,

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪મામુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને ગુજરાતમાં વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂથયો હતો. છેલ્લાઅઢી દાયકામાંવિઝનરી લીડરતરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશની રાજનીતિને બદલી છે અને તેઓના સુશાસન થકી ગુજરાત અને ભારતને વિશ્વવ્યાપી ઓળખ મળી છે. ૭મી ઓક્ટોબરે શ્રી નરેન્દ્રભાઈએ સત્તાના સુકાન સંભાળ્યાને ૨૩ વર્ષ પૂર્ણ થયાં. તે ઉપલક્ષ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ૭થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતમાં અભૂતપૂર્વ અને અકલ્પનીય પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. સમગ્ર વિશ્વ જેને ડ્રીમ પ્રોજેક્ટ ઓફ પીએમ તરીકે બિરદાવે છે, એવો પ્રોજેક્ટ એટલે અમદાવાદની ધરતી પર આકાર પામેલો સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ. આજે માત્ર અમદાવાદ જ નહિ, સમગ્ર રાજ્યની શાન બની ગયેલા આ પ્રોજેક્ટ સાબરમતી નદીને પણ પુનઃ જીવિત કરી તેમ કહીએ તો ખોટું નથી. વીસ-પચીસ વર્ષ પહેલાં જો તમે અમદાવાદની સાબરમતી નદી જોઈ હોય તો તમને તરત જ આ વાત સમજાઈ જશે. એક સમયે ગટરની ગંદકી, ઝૂંપડપટ્ટી, કચરાના ઢગલાથી ઘેરાઈ ગયેલી સાબરમતી નદીમાં આ પ્રકારનો પ્રોજેક્ટ સાકાર કરવો સાચે જ ડ્રીમ સમાન જ હતું. એટલું જ નહીં, આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૧૨ સુધીમાં રૂ. ૪૫૫ કરોડના ખર્ચે નદીમાં વસવાટ કરતા ૧૦ હજારથી વધુ પરિવારોને સ્થળાંતરિત કરીને તેઓના પુનઃ વર્સન માટે રેસિડેન્શનલ કોલોની ત્યાર કરવામાં આવી છે, જેના કારણે આ પરિવારોની આર્થિક તેમજ સામાજિક સ્થિતિમાં સુધારો થયો છે. અનેક પ્રકારની મુશ્કેલીઓ, અવરોધો અને વિરોધ વચ્ચે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વશક્તિએ આ પ્રોજેક્ટને સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ જ વર્ષ ૨૦૦૫થી ૨૦૧૨ દરમિયાન આ યોજના ખરેખરી કાર્યાન્વિત થઈ અને દેશનો સર્વપ્રથમ એવો રિવરફ્રન્ટ - સાબરમતી રિવરફ્રન્ટ તૈયાર થયો. દેશ-વિદેશમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા રિવરફ્રન્ટની દર મહિને લાખો લોકો મુલાકાત લઈ રહ્યા છે. આજે સાબરમતી રિવરફ્રન્ટ રાજ્યના આઈકોનિક સ્થળ તરીકે ઊભરી આવ્યો છે. રિવરફ્રન્ટ બનતાં તેના પર એક પછી એક નવાં નવાં આકર્ષણો ઉમેરાયાં છે. રિવરફ્રન્ટ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનું હબ બનતું જાય છે. સાબરમતી રિવરફ્રન્ટ પર આઇકોનિક અટલ બ્રિજ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે તો જોય ઓફ રાઇડની હેલિકોપ્ટર સર્વિસ અને રિવર ક્રુઝે લોકોને ઘેલું લગાડ્યું છે. રિવરફ્રન્ટમાં એક તરફ સુંદર બાગ-બગીચાનિર્માણ પામ્યા છે તો બીજી તરફ સ્પોર્ટ્સસંકુલ પણ વિકસ્યાં છે. રિવરફ્રન્ટ પર યોજાતો ફ્લાવર શો હોય, ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટિવલ, ડ્રોન શો, મેરેથોન દોડ હોય કે સાઇકલિંગ રિવરફ્રન્ટ અબાલ-વૃદ્ધ સૌ માટે એક જાણીતું-માનીતું સ્થળ બની ચૂક્યું છે. લોકો પરિવાર સાથે સમય પસાર કરી શકે, એવા સ્થળ તરીકે શરૂ થયેલો આ પ્રોજેક્ટથી શહેરીજનોની સુખાકારીમાં વૃદ્ધિ થઈ. રિવરફ્રન્ટ ફેઝ - ૧ અંતર્ગત ઈવેન્ટ સેન્ટર, ધોબી ઘાટ, ગુજરી બજાર, અંડરપાસ, ટ્રાફિકમુક્ત રસ્તાઓ તેમજ વિવિધ બાગ બગીચાના કાર્યો, બાયો ડાયવર્સિટી પાર્ક તેમજ મોટાપાયે વૃક્ષારોપણનાં કાર્યો પૂર્ણ કરાયાં છે. ઈવેન્ટ સેન્ટર, મલ્ટી લેવલ કાર પાર્કિંગ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વગેરે ફેસિલિટી પણ શરૂ કરાઈ છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ફેઝ - ૨ અંતર્ગત નદીની બન્ને બાજુ ડફનાળાથી ઈન્દિરાબ્રીજ સુધીના એવરેજ ૫.૫૦ કિ.મી.ની નદીની લંબાઈમાં (બન્ને બાજુ ઉપર કુલ ૧૧ કિ.મી.) ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલું છે. અહીં મહત્તમ વૃક્ષો ઉગાડી ગ્રીન ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ફેઝ-૨ બનવાની સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાના મોટેરા સ્ટેડિયમ તેમજ સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવને પણ કનેક્ટિવિટી સાથે વિકસાવાશે. સાબરમતી નદી પર રિવરફ્રન્ટ ફેઝ-૨ની કામગીરી ચાલી રહી છે, એ અંતર્ગત સાબરમતી નદી પર



પૂર્વ વિસ્તારમાં ગુજરાતનો સૌપ્રથમ રબર બેરેજ-કમ-બ્રિજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવશે, જે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડશે. સાબરમતી નદી પર રૂ. ૩૬૭ કરોડના ખર્ચે કોરિયન કંપની એક કિમીનો રબર બેરેજ-કમ-બ્રિજ બનાવશે. એને કારણે પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી, ચાંદખેડા, મોટેરા થઈને સીધા એરપોર્ટ આવવા માટે સીધી કનેક્ટિવિટી મળશે. આ ગુજરાતનો સૌથી પહેલો એવો બ્રિજ બનશે, જેમાં નીચે પાણીના સપ્લાય માટે રબર બેરેજ બનાવવામાં આવશે, જેમાં ઓટોમેટિક કન્ટ્રોલ સિસ્ટમ હોવાથી નદીના વહેતા પૂરને અવરોધ પણ નહિ થાય. આ સાથે એર ફિલ્ડ રબર બેરેજ બનાવવામાં આવશે. કોરિયન કંપની દ્વારા વોટર શેડ ડેવલપમેન્ટ હેઠળ આકસ્મિક સંજોગોમાં રો-વોટર સંગ્રહ કરવા તેમજ રોડ નેટવર્ક સુદૃઢ કરવા માટે ૬ માર્ગીય બેરેજ-કમ-બ્રિજ બનશે. બ્રિજ બંને તરફ ૧૨૬ મીટરની લોખંડની કમાનો, ૪૨ મીટરના સ્પાન હશે. બાકીના સ્પાન ગડર પ્રકારના હશે અને આ બ્રિજની કુલ લંબાઈ ૧ કિમી (૧૦૪૮.૦૮મીટર) હશે.

સાબરમતી રિવરફ્રન્ટનાં મુખ્ય આકર્ષણો

રિવર ક્રૂઝ, સ્પીડ બોટ, કાયાકિંગ અને બોટિંગ જેવી એક્ટિવિટી અહીં ડેવલોપ કરવામાં આવી છે. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ પર ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ (વર્ષ ૨૦૦૬), રિવરફ્રન્ટ પરની હેપ્પી સ્ટ્રીટ (નવેમ્બર-ફેબ્રુઆરી), ફ્લાવર શો (ડિસેમ્બર-જાન્યુઆરી), રિવરફ્રન્ટ ફેસ્ટિવલ, નાઈટ મેરેથો, લેસર એન્ડ ફાયર ક્રેકર્સ શો, ઓપન એર મૂવી-મ્યુઝિકલ કોન્સર્ટ, ક્રુઝ- ફ્લોટિંગ રેસ્ટોરન્ટની મજા પણ અમદાવાદીઓ માણે છે. સાબરમતી રિવરફ્રન્ટ પર પાલડી વિસ્તારમાં સ્પોર્ટ્સ પાર્ક તૈયાર કરવામાં આવ્યું છે, જે ૩૬મી નેશનલ ગેમ્સ - ૨૦૨૨નું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર પણ બન્યું હતું. આ સ્પોર્ટ્સ પાર્કમાં ટેનિસ કોર્ટ, પિકલ બોલ કોર્ટ/ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ/વોલીબોલ કોર્ટ, સ્કેટિંગ રિંક, સ્કેટ બોર્ડ, ક્રિકેટ પ્રેક્ટિસ પીચ, જોગિંગ ટ્રેક, મલ્ટિપલ રમતો માટે ખુલ્લો વિસ્તાર, ઓપન જિમ્નેશિયમ, ચિલ્ડ્રન પ્લેએરિયા તેમજ ફૂડ કોર્ટ પણ ઉપલબ્ધ છે. સાબરમતી રિવરફ્રન્ટ પર ગ્રીન ડેવલપમેન્ટ થીમ પર પાર્ક, ગાર્ડન અને અર્બન ફોરેસ્ટ્રી તૈયાર કરવામાં આવી છે. અંદાજિત ૧૪.૩૦ હેક્ટર જમીનમાં ગ્રીન કવર અને મિયાવાકીનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. આ સાથે ૭૨ હજારથી વધુ વૃક્ષારોપણ અને ૨.૫ લાખ મિયાવાકી પ્લાન્ટ્સ જોવા મળશે. આ સિવાય ૧૨.૪૫ હેક્ટરમાં ૪ વિવિધ પબ્લિક પાર્ક પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ રિવરફ્રન્ટ માત્ર અમદાવાદ શહેર જ નહીં, પરંતુ ગુજરાત સહિત દેશ આખા માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

તંત્રી સ્થાનેથી......

નવરાત્રી એ હિન્દુ તહેવાર છે જે નવ રાત સુધી ચાલે છે અને દર વર્ષે પાનખરમાં ઉજવવામાં આવે છે. નવરાત્રી, જેનો અર્થ થાય છે 'નવ રાત', ભારતના ઘણા ભાગોમાં સૌથી વધુ લોકપ્રિય અને વ્યાપકપણે ઉજવાતા હિન્દુ તહેવારોમાંનો એક છે. જોકે, ગુજરાત એકમાત્ર રાજ્ય છે જે નવ-રાત્રીના નૃત્ય ઉત્સવ કદાચ વિશ્વમાં સૌથી લાંબો છે. દરેક રાત્રે, સમગ્ર રાજ્યમાં, ગામડાઓ અને શહેરોમાં એકસરખી રીતે ખેલૈયાઓ ખુલ્લી જગ્યાઓ પર એકઠા થાય છે અને ઉજવણી કરે છે, જેને માં શક્તિની આરાધના તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રિ દેવી દુર્ગાના તમામ નવ સ્વરૂપોને સમર્પિત છે. સમુદાયો ગરબા દરમિયાન એકસાથે નૃત્ય કરવા માટે એકસાથે આવે છે, જે મોટે ભાગે સરળ નૃત્ય છે, ધાર્મિક અને પરંપરાગત મહત્વ ઉપરાંત, આ નવ દિવસો દરમિયાન, લોકો તેમની શ્રેષ્ઠ નૃત્ય દર્શાવે છે અને રાસ-ગરબા કરે છે. નવ રાતો સુધી સમગ્ર ગુજરાતમાં ડાંડિયા અને ઢોલનું સતત ગુંજન સાંભળવા મળે છે. દેશના સૌથી મનોરંજક અને સૌથી પ્રિય ઉત્સવમાં પોતાને સામેલ કરવા માટે આ તહેવાર વૈશ્વિક રીતે પ્રસિદ્ધ છે અને પાનખરની ઋતુમાં પ્રવાસીઓ વિશેષ મુલાકાત લે છે. આ એકમાત્ર તહેવાર છે જેને તમામ વયજૂથના લોકો પસંદ કરે છે અને લોકો તેમના સૌથી વધુ રાહ જોવાતા તહેવાર માટે મોટા મેદાનો અને પાર્ટીપ્લોટમાં એકત્રિત થાય છે. ગુજરાત સરકાર દર વર્ષે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવનું આયોજન કરે છે. વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવ એ ૧૦ દિવસનો ઉત્સવ છે જ્યાં હજારો ભક્તો દેવી અંબાની ભક્તિના પ્રતીક તરીકે પરંપરાગત દાંડિયા અને ગરબા નૃત્ય સ્વરૂપો કરે છે. વાઈબ્રન્ટ નવરાત્રી ઉત્સવ ૨૦૨૪નું આયોજન ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે કરાવવામાં આવ્યું છે. આ ઉત્સવના મુખ્ય આકર્ષણ એવા ગરબા અને રાસ સિવાય અન્ય આકર્ષણોમાં થીમ પેવેલિયન, ક્રાફ્ટ બજાર, ફૂડ સ્ટોલ, આનંદ નગરી, બાલ નગરી, થીમેટિક ગેટ્સ ખરેખર જોવાલાયક છે.

કમલમ્,

આદ્યશક્તિના આરાધનના પર્વ અંતર્ગત આણંદ સ્થિત ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ નિમિતે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે ઉપસ્થિત રહી માતાજીની આરતી ઉતારી દર્શન કરી આશીર્વાદ મેળવ્યા.

કમલમ્,

"વિકાસ સપ્તાહ "માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના સક્ષમ નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેના તેમના સમર્પણ ના ૨૩ વર્ષની વિકાસ પદયાત્રા લોકસેવા દરમિયાન હાંસલ કરેલી સિદ્ધિઓને અંજલિ આપે છે. "વિકાસ સપ્તાહ " અંતર્ગત કલોપ્સપુર પ્રાથમિક શાળા તા- બોરસદ ના નવનિર્મિત શાળા ના -૪ વર્ગખંડ ના લોકાર્પણ કાર્યક્રમ સાંસદશ્રી મિતેષભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો.

કમલમ્,

ગુજરાત સરકાર સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત બોરસદ વિધાનસભાના સૈજપુર સ્થિત પ્રાથમિક શાળા સૈજપુર ખાતે શાળાના નવનિર્મિત વર્ગખંડનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો આ અવસરે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી સુનિલભાઈ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મિહિરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા.

મોરબીમાં ધી વી.સી. ટેકનિકલ હાઈસ્કૂલ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી કરાઈ

વિદ્યાર્થીઓએ ગુજરાતની વિકાસ ગાથા અંગે વકૃત્વ અને નિબંધ સ્પર્ધા થકી છટાદાર રજૂઆત કરી

કમલમ્, મોરબી

મોરબીમાં ધી વી.સી. ટેકનિકલ હાઈસ્કૂલ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત મોરબી જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સંદીપ વર્માની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત મોરબી જિલ્લામાં વિવિધ શાળાઓમાં ભારતની વિકાસની યાત્રાને સમર્પિત એવા વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે મોરબીની ધી વી.સી. ટેકનિકલ હાઈસ્કૂલ ખાતે વિવિધ સ્પર્ધાઓ સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સંદીપ વર્માએ ગુજરાતના વિકાસના અનેક પાસાંઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૨૩ વર્ષમાં થયેલા વિકાસને જોતા રાજ્યના વિકાસમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભૂમિકા અને યોગદાન મહત્વપૂર્ણ છે. તેમણે વધુમાં યુવા વર્ગની સહભાગિતા, શિક્ષકશ્રીઓનો ફાળો અને સરકારી યોજનાઓના લાભો વિશે પણ વાત કરી હતી. આ કાર્યક્રમમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં પોતાના વિચારો રજૂ કરતા ગુજરાતની વિકાસ ગાથામાં શ્રી નરેન્દ્ર મોદીની ભૂમિકા, ગુજરાતની વિકાસ ગાથા, છેલ્લા ૨૩ વર્ષમાં ગુજરાતમાં થયેલો વિકાસ, ગુજરાતના વિકાસમાં મોરબીનો ફાળો, ગુજરાતના વિકાસમાં શિક્ષકશ્રીઓનો ફાળો, ગુજરાતના વિકાસમાં જુદા-જુદા ક્ષેત્રમાં કાર્યરત અધિકારીશ્રીઓ અને તંત્રનો ફાળો, ગુજરાતના વિકાસમાં યુવા વર્ગની સહભાગિગીતા, ગુજરાતના વિકાસમાં જુદી-જુદી સરકારી યોજનાઓના લાભો સહિતના વિષયો પર વિદ્યાર્થીઓએ છટાદાર રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં ધી વી.સી. ટેકનિકલ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વહિવટીતંત્રના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા મોરબીવાસીઓ સહભાગી બન્યા હતા અને કાર્યક્રમના અંતે સૌએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.

મોરબીમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના ફેઝ-૨ અંગે સરપંચ અને તલાટી મંત્રીઓ માટે તાલીમ યોજાઈ

કમલમ્, મોરબી

મોરબીમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જીઈહ્ઠ અને સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાના ઉપક્રમે સરપંચશ્રીઓ અને તલાટી મંત્રીશ્રીઓને સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના ફેઝ-૨ના વિવિધ ઘટકો અંગે માર્ગદર્શન આપવા એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત લોકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતિ આવે તે માટે અનેકવિધ આજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલ દેશમાં સ્વચ્છતા અનુસંધાને સ્વચ્છ ભારત મિશન

ગ્રામીણ યોજનાનો ફેઝ- ૨ અમલમાં છે. ત્યારે લોકોને આ યોજનાના ઘટકોની કામગીરી માહિતી મળે તેમજ કન્વર્ઝન કામગીરીનું અમલીકરણ ગ્રામ્ય કક્ષાએ યોગ્ય રીતે થાય તે માટે મોરબીમાં ગ્રામ્ય વિસ્તારના સરપંચ અને તલાટી મંત્રીઓને માર્ગદર્શન આપવા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય તાલીમમાં મોરબીના સરપંચશ્રીઓ અને તલાટી મંત્રીશ્રીઓને SIRD ના નિષ્ણાંત ટ્રેઈનર્સ દ્વારા વિસ્તૃત યોજનાકીય માહિતી આપવામાં આવી હતી તથા યોજનાના તમામ માપદંડની ઊંડાણ પૂર્વકની માહિતી આપવામાં આવી હતી.

વ્હાલી દીકરી યોજનાથી બારડોલી તાલુકાના અસ્તાન ગામના પ્રનિશાબેન રાઠોડના ઘરે ખુશીઓની હેલી

રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજનાએ મારી લાડકીના ભણતર સાથે ભવિષ્યની ચિંતા દૂર કરીઃ લાભાર્થી પ્રનિશાબેન રાઠોડ

કમલમ્, મયુર પટેલ

સરકારે દીકરીના જન્મથી પુખ્ત બને ત્યાં સુધી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. વહાલી દીકરી તેનું જીવંત ઉદાહરણ છે. સુરત જિલ્લાના બારડોલી તાલુકાના અસ્તાન ગામના પ્રનિશાબેન વિશાલભાઈ રાઠોડને વ્હાલી દીકરી યોજનાનો લાભ મળતા દીકરીના ભણતર સાથે ભવિષ્યની ચિંતા દૂર થતા રાઠોડ પરિવારના ઘરે ખુશીઓ છલકાઈ છે. બારડોલીના અસ્તાન ગામના પ્રનિશાબેને કહ્યું કે, મારા પરિવાર માટે દીકરી એટલે ઈશ્વરના આશીર્વાદ નહિ, પણ દીકરી એટલે આશીર્વાદમાં મળેલા ઈશ્વર છે. મને પહેલા ખોળે જ માતાજી સ્વરૂપે દીકરીના પગલા થતા પરિવારમાં હરખની હેલી ઉભરાઈ છે. એમા પણ સરકારે દીકરીને લાભ આપીને દરકાર લીધી છે. પ્રનિશાબેન કહ્યું હતું કે, દીકરીના પ્રથમ ધોરણમાં પ્રવેશ વેળાએ રૂ.૪૦૦૦ મળશે ત્યાર બાદ નવમાં ધોરણમાં પ્રવેશ સમયે રૂ.૬૦૦૦ અને દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ તેમજ લગ્ન સહાય માટે રૂ.૧,૦૦,૦૦૦ એમ કુલ મળીને એક લાખ દસ હજારની સહાય મળવાથી દીકરીના ભવિષ્યની ચિંતા દૂર થઈ ગઈ છે એમ તેમણે ઉમેર્યું હતું. અસ્તાન ગામ પંચાયત અને આંગણવાડી માંથી વ્હાલી દીકરી યોજનાની જાણકારી મળી હતી. એટલે આંગણવાડી એ જઈ જરૂરી પુરાવા સાથે ફોર્મ ભર્યું હતું. વેરિફિકેશન થયા બાદ સરકારશ્રીની વ્હાલી દીકરી યોજનાના લાભથી દીકરીના બેંક અકાઉન્ટમાં જ ઓનલાઈન ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (DBT) દ્વારા રકમ જમા થશે એટલે ગેરરીતિ થવાનો કોઈ ભય પણ નથી રહ્યો. સરકારની વ્હાલી દીકરી યોજના મારા પરિવારને દીકરી સાથે મળેલી અણમોલ ભેટ છે. હંમેશા સરકારના આભારી રહીશું એમ રાઠોડ પરિવાર હોંશભેર કહ્યું હતું.

વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા રાજકોટ જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ કટિબદ્ધ

"વિકાસ સપ્તાહ" અન્વયે રાજકોટ જિલ્લાની અને તાલુકાઓની કચેરીઓના આશરે ૪૫૦ કર્મયોગીઓએ કર્યા વિકાસ શપથ ગ્રહણ

કમલમ્, રાજકોટ

રાજકોટ જિલ્લા અને જિલ્લાના વિવિધ તાલુકાઓની કચેરીઓના "વિકાસ સપ્તાહ"ની ઉજવણીના ભાગરૂપે આશરે ૪૫૦ કર્મયોગીઓએ "વિકસિત ભારત"ના સંકલ્પને સાર્થક કરવાના શપથ ગ્રહણ કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૦૧માં ૭મી ઓક્ટોબરે શપથ લઈને ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા અને આજે તેઓ ભારતના વડાપ્રધાન તરીકે દેશને વિકસિત દેશ બનાવવા સતત મહેનત કરી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના ૨૩ વર્ષના સુ-શાસનની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં ૭થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" નું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહમાં યુવા સશક્તિકરણ દિવસ, સુશાસન દિવસ, ઉદ્યોગ સાહસિકતા દિવસ, પોષણ આરોગ્ય

દિવસ તથા પ્રાકૃતિક ખેતી દિવસ જેવા દિવસની ઉજવણીનું આયોજન કરાશે. આ વિકાસ શપથમાં રાજકોટ જિલ્લાની પ્રાંત કચેરી ગોંડલ, ગોંડલ મામલતદાર કચેરી તાલુકા અને શહેર, ગોંડલ તાલુકા પંચાયતના કર્મચારીઓ, જસદણ પ્રાંત કચેરી, વિંછીયા મામલતદાર કચેરી, વિંછીયા તાલુકા પંચાયત, આઈ.સી.ડી.એસ કચેરી, તાલુકા હેલ્થ કચેરી, કોટડાસાંગાણી તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, અન્ય લાઈન ડિપાર્ટમેન્ટ સ્ટાફ તથા તાલુકાના પદાધિકારીઓ દ્વારા વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ઉપરાંત, ધોરાજી નગરપાલિકા, ધોરાજી તાલુકા પંચાયત, ઝોનલ - ૩ અને ૪માં અરજદારો સહીત, લોધિકા તાલુકાના મોટાવડા ગામે સેવાસેતુ કાર્યક્રમમાં વિકાસ સપ્તાહ અંતર્ગત અન્વયે ઉપસ્થિત સર્વેએ શપથ ગ્રહણ કર્યા હતા.

SPB કૉલેજ ઑફ કોમર્સમાં નૉલેજ એન્હાન્સમેન્ટ લેકચર સિરીઝનાં પાંચમાં દિવસે "ભારતમાં મહિલાઓના કાનૂની અધિકારો" વિષય પર વ્યાખ્યાન

કમલમ્,

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઇંગ્લિશ મીડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા શરૂ કરવામાં આવેલી નોલેજ એન્હાન્સમેન્ટ લેક્ચર સિરીઝનાં પાંચમાં દિવસે "ભારતમાં મહિલાઓના કાનૂની અધિકારો" વિષય પર એડવોકેટ હિરલ પાનવાલા ખજાનચી દ્વારા જ્ઞાન સભર વ્યાખ્યાન કરવામાં આવ્યું, આ વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને સમાજમાં દિકરીના જન્મનું મહત્વ, જીવનમાં સ્ત્રીનું મહત્વ અને સ્ત્રી અંગે સામાજિક વિચારસરણી, સમાજમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેનો ભેદભાવ, ભારતનાં બંધારણમાં સ્ત્રી અંગેનાં કાયદા તેમજ સ્ત્રીનાં હક, સ્ત્રીની કૌટુંબિક જવાબદારી તેમજ બંધારણમાં ઉપલબ્ધ કાયદા અને હકનો ઉપયોગ કયા સંજોગોમાં અને કેવી રીતે થઈ શકે તે અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી. સમગ્ર વ્યાખ્યાનનું આયોજન કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા તથા કૉલેજના IQAC Coordinator ડો. સવિતા સોંધીના માર્ગદર્શન હેઠળ કોલેજના Planning Forum નાને જા હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. પ્રતીક પસ્તાગિય દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

કમલમ્,

સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત વિધાનસભા-૬૮ માં ધારાસભ્ય શ્રી ઉદયભાઇ કાનગડ દ્વારા જુના જનસંઘી, કારડીયા રાજપુત સમાજના આગેવાન અને કુમાર પ્રિન્ટ વાળા શ્રી અજીતભાઈ ચૌહાણને ભારતીય જનતા પાર્ટીના સદસ્ય બનાવ્યા હતા. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયાં, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ અને કોર્પોરેટર દિલીપભાઈ લુણાગરિયા ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલા "વંચિતો વિકાસની વાટે" કાર્યક્રમ દરમિયાન ૧૨.૮૫ લાખ લાભાર્થીઓને રૂા. ૩૮૩.૫૪ કરોડની સહાય ડિબીટી મારફત ચૂકવાઈ

કમલમ્,

ભરૂચ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલા "વંચિતો વિકાસની વાટે" કાર્યક્રમ દરમિયાન ૧૨.૮૫ લાખ લાભાર્થીઓને રૂા. ૩૮૩.૫૪ કરોડની સહાય ડિબીટી મારફત ચૂકવાઈ સમાજના અંતિમ છોર પર રહેલા નાગરિકોનો પણ સર્વાંગી અને સમતોલ વિકાસ થાય એ અમારી સરકારની પ્રાથમિકતા છે એમ રાજયના સામાજીક ન્યાય અને અધિકારિતા તથા મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રીમતિ ભાનુબેન બારબરિયાએ જણાવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરજીવનમાં પુરા કરેલા ૨૩ વર્ષના ઉપલક્ષમાં રાજયભરમાં યોજાઈ રહેલા વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત ભરૂચના શ્રી નિલકંઠ સભાખંડ, બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર, ઝાડેશ્વર ખાતે મધ્ય અને દક્ષિણ ગુજરાતના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના નિગમો અને સમાજ સુરક્ષા વિભાગની યોજનાના લાભાર્થીઓને સહાય આપવા માટે યોજાયેલા "વંચિતો વિકાસના વાટે" કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી ભાનુબેને જણાવ્યું હતું કે, આજે દેશને સારા નાગરિકોની જરૂર છે. આપણે પણ આપણી ફરજોનું પાલન કરી શ્રેષ્ઠ નાગરિક તરીકેની આપણી ફરજ અદા કરીએ એમ કહી તેમણે સમાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતે જાણકારી આપી હતી. કૂપોષણ અંગે ચિંતા વ્યકત કરતા તેમણે જણાવ્યું હતું કે, આવનારી પેઢીને ચુસ્ત, દુરુસ્ત અને તંદુરસ્ત બનાવવી હશે તો કૂપોષણને નાબુદ કરવું જ પડશે એમ કહી તેમણે કૂપોષણને નાથવા માટે વાલીઓ પણ સરકાર જેટલી જ ચિંતા કરે એવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી. વિકાસ સપ્તાહ ઉજવણી અંગે વિગતે છણાવટ કરતા મંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને જાહેરજીવનમાં ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. જેના ઉપલક્ષમાં રાજયમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે. જે અંતર્ગત અહીં વંચિતો વિકાસની વાટે કાર્યક્રમ યોજી ૧૨,૮૯,૮૮૫ લાભાર્થીઓને રૂા. ૩૮૩.૫૪ કરોડના લાભો ડિજિટલી લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવ્યા છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. રાજયના અન્ન અને નાગરિક પુરવઠા તથા સામાજીક ન્યાય અને અધિકારિતા રાજયમંત્રી ભીખુસિંહજી પરમારે સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના વિવિધ નિગમો અને તેની કામગીરી તથા સમાજ સુરક્ષા વિભાગની વિવિધયોજનાઓ અંગે વિગતે છણાવટ કરી તેમણે રાજય સરકાર દ્વારા વિકસતિ જાતિ, અલ્પસંખ્યક સમુદાય, વિચરતિ અને વિમુક્તિ જાતિ, દિવ્યાંગો, વૃદ્ધ નિરાધાર, ગંગાસ્વરૂપાબહેનો વગેરે માટે અમલી યોજનાઓ અંગે વિગતે જાણકારી આપી લાભાર્થીઓનું જીવનધોરણ ઉંચું આવે એ માટે સરકાર દ્વારા લાભાર્થીઓના ખાતામાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર યોજના હેઠળ સીધેસીધી સહાય ચૂકવવામાં આવે છે એમ જણાવ્યું હતું. જંબુસરના ધારાસભ્ય ડી.કે.સ્વામીએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કરતા વંચિતોના વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની ઝીણવટભરી વિગતો રજૂ કરી રાજય સરકાર દ્વારા ઉજવવામાં આવી રહેલા વિકાસ સપ્તાહ અંગે જાણકારી આપી તેમણે વિકાસ સપ્તાહ ખરા અર્થમાં રાજયની જનતા વિકાસપર્વ બની રહેશે એમ જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરિયાએ રિમોટની સ્વીચ દબાવી સીધા લાભાર્થીના ખાતામાં સહાયની રકમ ટ્રાન્સફર કરી હતી. મંત્રી અને મહાનુભાવોએ મુખ્ય સ્ટેજના લાભાર્થીઓને સહાયના ચેક વિતરણ કર્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કરતા સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના નિયામક વિક્રમસિંહ જાદવે કાર્યક્રમની રૂપરેખા આપી કાર્યક્રમનો આશય સ્પષ્ટ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાની બાળાઓએ ગરબો રજૂ કર્યો હતો. જયારે પીનલ પટેલ અને તેમના કલાવૃંદે ડાયરાની રમઝટ જમાવી હતી.

આભારવિધિ નાયબ નિયામક વિકસતિ જાતિ, સુરત આર.ડી. બલદાણિયાએ આટોપી હતી. આ પ્રસંગે, જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્ર સિંહ વાંસદીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપશે, નગર પાલિકા પ્રમુખ શ્રીમતી વિભુતીબા યાદવ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી કૌશિક પટેલ, ભરૂચ જિલ્લા કારોબારી સમિતિ અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી, અધિક નિવાસી કલેકટર શ્રી એન. આર. ધાંધલ, જિલ્લા આગેવાન મારૂતિ સિંહ અટોદરિયા, નિયામક વિકસતિ જાતિ કલ્યાણ વિભાગના જિલ્લાઓના નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ વગેરે વિભાગનાં અધિકારીઓ અને કર્મચારીઓ સાથે મોટી સંખ્યામાં લાભાર્થી ઓહાજર રહ્યા હતા.

કમલમ્,

કડાણા તાલુકાના વાગડવાડા ઝિંઝવા,ખાખરીયા, તેમજ લાડપુર મુકામે કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે નવરાત્રીના દિવસો છે અને મા આદ્યશક્તિ અંબાના ગુણગાન અખિલ વિશ્વ ગાઈ રહ્યું છે ત્યારે નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહીને માતાજીની આરતી - સ્તુતિ કરી અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો. આ તકે કડાણા તાલુકા મંડળના પ્રમુખશ્રી જેન્તીભાઇ પટેલ, જીલ્લા ઉપાધ્યક્ષશ્રી અંબાલાલ પટેલ સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

કડાણા તાલુકાના પાણીયા, સાલિયાબીડ, દદુવાળી બીડ તેમજ સાદવડા પાટિયા ખાતે કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે નવરાત્રિના સાતમા નોરતે ગરબામાં ઉપસ્થિત રહી ખેલૈયાઓને સાથે નવરાત્રિની રમઝટ બોલાવી અને શુભકામનાઓ પાઠવી. આ તકે કડાણા તાલુકા મંડળના પ્રમુખશ્રી જેન્તીભાઇ પટેલ, અંબાલાલ પટેલ સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

કડાણા તાલુકાના ડોડીયા મુકામે કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે આદ્યશક્તિ મા અંબાની આરાધનાના મહાપર્વ "નવરાત્રિ મહોત્સવ" માં સાતમે નોરતે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી દર્શન કરવાનો તથા ગરબાની રમઝટ નિહાળવાનો લ્હાવો લીધો. આ તકે કડાણા તાલુકા મંડળના પ્રમુખશ્રી જેન્તીભાઇ પટેલ, સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સાતમાં નોરતે ચરોતરના સુપ્રસિદ્ધ વિદ્યાનગર સેડ યુવક મંડળના નવરાત્રી મહોત્સવમાં હાજરી આપી. સાંસદશ્રી મિતેષભાઈ પટેલ (બકાભાઇ) એ ઉપસ્થિત રહી ગરબાનો આનંદ માણ્યો.

કમલમ્,

સંતરામપુર તાલુકાના ચિતવા તેમજ બુગડ મુકામે વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે આદ્યશક્તિ મા અંબાની આરાધનાના મહાપર્વ "નવરાત્રિ મહોત્સવ" માં સાતમે નોરતે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી દર્શન કરવાનો તથા ગરબાની રમઝટ નિહાળવાનો લ્હાવો લીધો. આ તકે કડાણા તાલુકા મંડળના પ્રમુખશ્રી જેન્તીભાઇ પટેલ, ચિતવા સરપંચશ્રી, બુગડ તાલુકા સભ્ય શ્રી સહિત સ્થાનિક આગેવાનો, નવરાત્રિ મહોત્સવના આયોજકો,વડીલો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે બારડોલીના નાની ભટલાવ, માંડ્વીના તારાપુર ગામે નિર્માણ પામેલી લાઈબ્રેરીની મુલાકાત લીધી

બારડોલી તાલુકાના વાંસકુઇ પ્રા.આરોગ્ય કેન્દ્ર અને ઉમરપાડા સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ તબીબી સ્ટાફ, ઓપીડી, લેબ ટેસ્ટ સહિત અન્ય આરોગ્ય સુવિધાઓની સમીક્ષા કરી

કમલમ્, મયુર પટેલ

જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે બારડોલી તાલુકાના નાની ભટલાવ ગામે રાજય સરકારની વતન પ્રેમ યોજના અંતર્ગત નિર્માણ પામેલી લાઈબ્રેરી તેમજ માંડવી તાલુકાના તારાપુર ગામમાં ગ્રામ પંચાયત દ્વારા લોકફાળાથી નિર્માણ પામેલી લાઈબ્રેરી (પુસ્તકાલય) ની મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીઓ શિક્ષણ માટે તેમજ યુવાનો સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. જિ.વિકાસ અધિકારીએ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ બાબતે ચર્ચા કરી ઉજ્જવળ કારકીર્દી માટે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત લાઈબ્રેરીમાં વાંચન કરતા વિદ્યાર્થીઓની સુવિધાઓ માટે નાની ભટલાવ ગામે વાંચનાલયની ઉપર એક માળ બનાવવા સાથે વીજળી, ફાયર સેફટી અને શૌચાલય જેવી ભૌતિક સુવિધા માટે રૂ.૧૮ લાખની ગ્રાંટ અને તારાપુર વાંચનાલયમાં સ્વચ્છ ભારત મિશન હેઠળ સામૂહિક શૌચાલય બનાવવા રૂ.૩ લાખ તેમજ ભૌતિક સુવિધા માટે રૂ. ૩.૫૦ લાખની ગ્રાંટ જિલ્લા વિકાસ અધિકારીની વિવેકાધીન જોગવાઈમાંથી ફાળવી છે. જે બદલ યુવા વિદ્યાર્થીઓ, ગ્રામજનોએ તેમનો આભાર વ્યકત કર્યો હતો. આ ઉપરાંત, ડીડીઓશ્રીએ બારડોલી તાલુકાના ભેંસુદલા અને માંડવીના માલધા ગામની પ્રાથમિક શાળાઓની મુલાકાત કરી શિક્ષકો સાથે શાળામાં સ્વચ્છતા અને બાળકોમાં શિક્ષણનું સ્તર ઊંચુ આવે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. તેમણે બારડોલી તાલુકાના વાંસકુઈ પ્રા.આરોગ્ય કેન્દ્ર અને ઉમરપાડા સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ તબીબી સ્ટાફ, ઓપીડી, લેબ ટેસ્ટ સહિત અન્ય આરોગ્ય સુવિધાઓની સમીક્ષા કરી હતી.

બારડોલી તાલુકાના ભેંસુદલા અને માંડવીના માલધા ગામની પ્રાથમિક શાળાઓમાં જિ. વિકાસ અધિકારીની મુલાકાતઃ શૈક્ષણિક સુવિધાઓ અને બાળકોમાં શિક્ષણ સ્તર સુધારવા આપ્યું માર્ગદર્શન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકસિત ભારતના સંકલ્પમાં વિકસિત ગુજરાતના નિર્માણમાં રાજય સરકારનું વહિવટી તંત્ર અને કર્મયોગીઓ પાયા રૂપ છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત ગાંધીનગરમાં રૂપિયા ૩૬ કરોડના ખર્ચે નવનિર્મિત સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા-'સ્પીપા'ના તાલીમ ભવનનું લોકાર્પણ કર્યું

- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્મચારીઓને કર્મયોગી બનાવીને પ્રજાહિતના કામોમાં પોતીકાપણાની સંવેદના જગાવી છે**
- **સરકારના વિવિધ વિભાગોમાં અનેક કર્મયોગીઓ પોતે ઈનિશ્યેટીવ્ઝ લઈને પ્રજાના કામો સરળતાથી પાર પાડી 'મારું છે અને મારે કરવાનું છે' ના ભાવથી કાર્યરત છે.**
- **પ્રજા, પ્રશાસન અને પ્રજાના પ્રતિનિધિઓ સાથે મળીને કાર્ય કરે તો કેવાં સારા પરિણામ મળી શકે તેનું ઉદાહરણ ગુજરાતે વાવાઝોડાની આપત્તિના મક્કમ પ્રતિકારથી પૂરું પાડ્યું છે.**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે તેને વિકસિત ગુજરાતના નિર્માણથી સાકાર કરવામાં રાજય સરકારનું વહીવટી તંત્ર અને કર્મયોગીઓ પાયારૂપ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ સુશાસન અને પ્રજા કલ્યાણકારી યોજનાઓથી લોકોનો વિશ્વાસ સંપાદિત કર્યો છે અને તેથી સતત ત્રીજી વાર દેશની જનતાએ તેમને વડાપ્રધાન પદનું સેવાદાયિત્વ સોપ્યું છે. આવી પ્રજા કલ્યાણ યોજનાઓ અને સુશાસનની નીતિ-રીતિઓના લાભ લોકો સુધી, સામાન્ય માનવી સુધી સુપેરે પહોંચાડવામાં કર્મચારીઓનું યોગદાન મહત્વનું છે. મુખ્યમંત્રીશ્રી ૩૬ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે ૭૫૬૩ ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામેલા સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા "સ્પીપા" ના ગાંધીનગર કેમ્પસનું લોકાર્પણ કરતાં સંબોધન કરી રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૧માં તા. ૭ ઓકટોબરે મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળીને ગુજરાતના વિકાસનો આલેખ બદલવાની સફળ શરૂઆત કરી હતી. આ સુશાસન સફળતાના ૨૩ વર્ષની ઉજવણી રાજ્યભરમાં ૭ ઓક્ટોબરથી વિકાસ સપ્તાહ તરીકે થઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્તની શ્રૃંખલામાં 'સ્પીપા'ના નવનિર્મિત અદ્યતન ભવનના ગાંધીનગરમાં લોકાર્પણ સાથે અમદાવાદના સ્પીપા ખાતે નિર્માણ થનારી નવીન ઓફિસર્સ હોસ્ટેલ બિલ્ડીંગનું ઈ-ખાતમુહૂર્ત પણ સંપન્ન કર્યું હતું. મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, વહિવટી સુધારણા અને તાલીમ પ્રભાગના અગ્રસચિવશ્રી અને સ્પીપાના ડાયરેકટર જનરલ શ્રી મોહમ્મદ શાહિદ, ડેપ્યુટી ડાયરેકટર જનરલ શ્રી વિજય ખરાડી સહિત 'સ્પીપા' ના વરિષ્ઠ અધિકારીઓ તાલીમાર્થી કર્મયોગીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા પ્રજાજીવનના સારા માટે, ભલા માટેની ખેવના અને ચિંતા કરી છે. એટલું જ નહિ, તેમણે સૌને સાથે રાખીને ચાલવાનો, સૌના સાથ સૌના વિકાસનો જે કાર્યમંત્ર આપ્યો છે તે વહિવટી પાંખ અને જન પ્રતિનિધિઓના સુચારુ સમન્વયથી સાકાર થયો છે. પ્રજા, પ્રશાસન અને જનપ્રતિનિધિઓ સૌ સાથે મળીને જો કાર્યરત રહે તો કેવાં સારા પરિણામ મળે તેનું ઉદાહરણ આપણે વાવાઝોડાની કપરી સ્થિતિમાંથી હેમખેમ બહાર આવીને પૂરું પાડ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રીએ સરકારી કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા છે અને પ્રજાહિતના કામોમાં તેમની સંવેદના જગાવીને પ્રજા સાથે પોતીકાપણાનો ભાવ ઉજાગર કર્યો છે. સરકારના વિવિધ વિભાગોમાં સેવારત અનેક કર્મયોગીઓએ પણ પોતાની રીતે ઈનિશ્યેટીવ્ઝ લઈને જનહિત કામો સરળતાથી પાર પાડીને "મારું છે અને મારે કરવાનું છે" તેવો ભાવ પ્રેરિત કર્યો છે તેમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ 'સ્પીપા' જેવી ઉચ્ચ તાલીમ સંસ્થાઓથી કર્મયોગીઓનું કેપેસિટી બિલ્ડીંગ થયું છે ત્યારે આવી સંસ્થામાથી જે શીખે તેને ધરાતલ પર ઉતારવામાં આ કર્મયોગીઓ અવિરત કર્તવ્યરત રહે તેવી અપેક્ષા વ્યકત કરી હતી. સરકારના બધા જ વિભાગોના કામોની અગત્યતા છે. કોઈપણ વિભાગમાં સેવારત અધિકારી-કર્મયોગી પોતાને સોંપાયેલા કામ કે ફરજ નિષ્ઠાથી નિભાવીને પ્રજાહિત કાર્યો દ્વારા વિકસિત ગુજરાતનું નિર્માણ કરશે જ એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાનું આ ભવન માત્ર સિમેન્ટ-કોંક્રીટથી બનેલું બિલ્ડિંગ નથી, આ ભવનમાં રાજ્ય સરકારના કર્મયોગીઓને વિવિધ પ્રકારની તાલીમ આપીને તેમની અંદર "નાગરિક સેવાભાવ"ને ઉજાગર કરવામાં આવે છે. ગુજરાત સરકારના અનુભવી અને પ્રશિક્ષિત ઉચ્ચ અધિકારીઓ પણ કર્મયોગીઓને સરળતાથી તાલીમ આપી શકે તે માટે ગાંધીનગર ખાતે આ નવીન ભવન નિર્માણ પામ્યું છે. ગાંધીનગર ખાતે સ્પીપાનું નવું સેન્ટર તૈયાર થતાં, ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં આવેલી અનેક આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાત પ્રાધ્યાપકો પણ વિઝિટિંગ ફેકલ્ટી તરીકે તાલીમ આપવા માટે આવી શકે તેવી સુગમતા રહેશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ગાંધીનગરમાં સ્પીપા કેમ્પસના આ નવનિર્મિત ભવનમાં ૧૯૦ની બેઠક વ્યવસ્થા સાથેનો એસેમ્બલી હોલ, ૧૦૦ની બેઠક વ્યવસ્થા સાથેનો સેમિનાર હોલ, ૫૦ની બેઠક વ્યવસ્થા ધરાવતા ૩ સ્કિલ ડેવલપમેન્ટ રૂમ, ૪ ફેકલ્ટી રૂમ, ૩ ડિસ્કશન રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત ૩૦ રૂમની નિવાસ વ્યવસ્થા તથા કેન્ટીન અને રિક્રિએશન એરિયા સહિતની સુવિધાઓ આ ભવનમાં ઊભી કરવામાં આવી છે. સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાના ડાયરેકટર જનરલ શ્રી મોહમ્મદ શાહિદે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ સ્પીપાની કામગીરી અને સિદ્ધિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

ડેપ્યુટી ડાયરેકટર જનરલ શ્રી વિજય ખરાડીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા તેમજ રાજ્ય સરકારના વિવિધ અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ચ્યુઅલ માધ્યમથી ૫,૦૦૦ જેટલા તાલીમાર્થીઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આયુર્વેદને લોકલ ટુ ગ્લોબલ બનાવવાના સંનિષ્ઠ પ્રયાસોને કારણે આજે જામનગરનું આઈ.ટી.આર.એ. આયુર્વેદનું આરાધનાલય બન્યું

આગામી સમયમાં આયુર્વેદ પદ્ધતિની સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, ફાર્માસિ અભ્યાસક્રમોમાં અત્યાધુનિક પદ્ધતિ અને આધુનિક વિજ્ઞાન સાથે સમન્વય કરી સંશોધન અને સારવારની પદ્ધતિ વિકસાવાશે

કમલમ્,
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાંરાજ્ય સરકારદ્વારા રાજય ભરમાં તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણીનો ઉમંગભેર શુભારંભ થયો છે. વડાપ્રધાનશ્રી ના દર્ષ્ટિવંત આયોજનના પરિણામે ગુજરાતમાં અનેક રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના શૈક્ષણિક સંસ્થાનો કાર્યરત છે જે સૌ દેશવાસીઓને સહાયરૂપ બનીરહ્યા છે.

- **સમગ્ર દેશનું એકમાત્ર રાષ્ટ્રીય મહત્વનો દરજ્જો ધરાવતું જામનગરનું આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન : સ્વાસ્થ્ય અને સંશોધન માટે અગ્રગણ્ય કામગીરીથી લોકસેવાનો મંત્ર થઈ રહ્યો છે ચરિતાર્થ**
- **ડબલ્યુ.એચ.ઓ. દ્વારા વિશ્વનું સૌપ્રથમ અને એક માત્ર આઉટ પોસ્ટ સ્ટેશન 'ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર' (જી.ટી.એમ.સી) પણ જામનગરને મળ્યું છે**
- **રાજ્યની એક માત્ર આયુર્વેદ ક્ષેત્રની હોસ્પિટલ કે જેમાં દૈનિક સરેરાસ ૧,૫૦૦ દર્દીની ઓ.પી.ડી.:જામનગર શહેર અને જિલ્લામાં આઠ સ્થાળોએ ઓ.પી.ડી.ની સુવિધા કાર્યરત**

આવો આજે જાણીએ જામનગરના આઈ.ટી.આર.એ. આયુર્વેદ સંસ્થાન વિષે

આસો વદતેરસની ધનતેરસ તરીકે પણ સર્વત્રઉજવણી કરવામાં આવે છે સાથે સાથે આ દિવસે આયુર્વેદના આરાધ્ય દેવ શ્રી ભગવાન ધન્વંતરી દેવનો પ્રાગટ્ય દિવસ પણ છે અને આ દિવસને કેન્દ્ર સરકારદ્વારા છેલ્લાંનવ વર્ષથી આયુર્વેદ દિવસ તરીકે પણ ઉજવવામાંઆવી રહ્યોછે.અને આ વર્ષે આયુર્વેદ દિવસની ઉજવણી દેશના સિમાડાઓ વટાવી ૧૦૦ થી વધુ દેશોમાં થઈ રહી છે. ત્યારે આવો જાણીએ આસંસ્થાનને લોકલ ટુ ગ્લોબલ બનાવવામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનીપ્રેરણા અને ભૂમિકા કેટલીમહત્વની રહી છે.અને કઈ રીતે આસંસ્થા વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ બનીછે. જામનગર એઆયુર્વેદનું કાશીઅને માન્ચેસ્ટર તેમજ ઉદગમ સ્થાન તરીકે વિશ્વ વિખ્યાત બન્યું છે કારણ કે અહી રજવાડાંના સમયથી થયેલી શરૂઆત આજે વિશ્વભરની પરંપરાગતચિકિત્સાનુંમહત્વનું કેન્દ્ર બનવાજઈ રહીછે.વર્ષ ૨૦૨૦માં ૧૫ ઓક્ટોબરના રોજ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન (I.T.R.A.)નીસ્થાપના કરવામાં આવીહતીજે સમગ્રદેશનું સૌપ્રથમ અને એકમાત્ર રાષ્ટ્રીય મહત્વનો દરજ્જો ધરાવતું સંસ્થાન બનવા પામ્યું છે.ચિકિત્સા અને સારવાર માટેઅહીંઈટ્રાખાતે જાણેમહાયજ્ઞ યોજાઈ રહ્યો હોય તેમ ત્રણસો પથારીની સુવિધા સાથેની અદ્યતન એન.એ. બી.એચ.પ્રમાણિત રાજ્યનીએક માત્રઅને સૌપ્રથમ આયુર્વેદક્ષેત્રનીહોસ્પિટલ કાર્યરત છે જેમાં દૈનિક સરેરાસ ૧,૫૦૦ દર્દીની ઓ.પી.ડી.ચાલે છે. વધુમાં જામનગર શહેર અને જિલ્લામાં સુરક્ષાદળો, જેલ, ગ્રામ્ય વિસ્તાર વગેરે જેવાકુલ આઠ સ્થળોએ પણ ઓ.પી.ડી. સુવિધાકાર્યરત કરવામાં આવીછે.

આયુર્વેદ અને શસ્ત્રક્રિયા એ સામાન્ય રીતે લોકો માટે થોડો આશ્ચર્ય પમાડે તેવી વાત છે ત્યારે ઈટ્રા ખાતે ૧૦૦ દિવસના ટુંકા ગાળામાંજ શલ્ય વિભાગદ્વારા કુલ ૫૨૨ થી વધુ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક કરવામાં આવી છે. સામાન્ય સમસ્યાથી લઈ વૈશ્વિક મહામારી અને ગંભીર પ્રકારના રોગોનીસારવાર માટે અહીં સક્ષમ પ્રયાસો થકી સારા પરિણામો મેળવાઈ રહ્યાં છે. આધુનિક વિજ્ઞાનની કુલ ૬ પ્રકારની એન.એ.બી.એલ.પ્રમાણિત લેબોરેટરી અને અદ્યતન સાધનો અહીં ઉપલબ્ધ છે. યોગ અને નિસર્ગોપચાર માટે અલાયદું કેન્દ્ર અહીં શરૂ કરી લોકોની સ્વાસ્થ્ય સુખાકારી માટે કાર્યરત કરાયું છે જેનો નાગરિકોભરપૂર લાભ લઈ રહ્યા છે. તાજેતરમાં જ યોગ નેચરોપેથી માટે ૬ ડિપ્લોમા-પ્રમાણપત્ર કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યાં છે.ઈટ્રા ખાતે યોજવામાં આવતા આયુર્વેદ સ્વાસ્થ્ય મેળામાં લોકોનોઅભૂતપૂર્વપ્રતિસાદ મળતો હોય છે જેમાં વિના મૂલ્યે સ્વાસ્થ્ય પરિક્ષણ અને સારવાર તો આપવામાંઆવેજ છેઉપરાંત નાડિ-શ્રમ પરિક્ષણની સાથે રોજિંદા જીવનમાં આયુર્વેદ શૈલી અપનાવવાથી શું ફાયદો થાય અને સ્વાસ્થ્ય કેમ સમૃદ્ધ બનાવી શકાય તે માટે વિશાળ ડોમમાં પ્રદર્શન યોજવામાં આવે છે.ગત વર્ષે પણ અહીમિલેટ્સનેઅનુમોદન આપવા માટે 'સ્વાસ્થ્ય અને શ્રીધાન્ય મેળા'નું આયોજન કરવામાંઆવ્યું હતું. ઈંસ્ટિટ્યૂટ ઓફટીચિંગએન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ (આઈ.ટી.આર.એ.) દ્વારા સાત રાષ્ટ્રીય અને આઠ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કરી વિશેષશૈક્ષણિક અનેબીન શૈક્ષણિક કાર્યો હાથ ધરાયા છે. આઈ.ટીઆર.એ. ખાતેસમૃદ્ધ અને અતિ અદ્યતન લાયબ્રેરી છે જેમાં ત્રીસહજારથીવધુ પુસ્તકોઅને પાચ હજારથી વધુ હસ્તપ્રતો (મેન્યુસ્ક્રિપ્ટ) ઉપલબ્ધ છે. આ ગ્રંથાલય ખાતે છેલ્લા છ દાયકામાં થયેલાં તમામ શૈક્ષણિક સંશોધનોને ડિજિટલાઈઝ કરીનેવિજાણું સ્વરૂપે ઉપયોગ અર્થે સાચવવામાં આવ્યાં છે.અહીં એનીમલ હાઉસ પણ છે જ્યાં નિયત માપદંડોથી તબીબી અને ઔષધિય સંશોધનો કરવામાં આવે છે. સંસ્થા ખાતે કુલ ૧૪ શૈક્ષણિક વિભાગોમાં સર્ટિફિકેટથી લઈ પી.એચ.ડી. સુધીના કુલ દસ અભ્યાસક્રમો ચાલેછે.અહીંવિવિધ આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમમાં અત્યાર સુધીમાં પચાસથી વધુ દેશોના કુલ ચારસોથી વધુ વિદેશી વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યો છે.વિશ્વ કક્ષાએજેનું મહત્વછે તેવું પીઅર રીવ્યુડજર્નલ 'આયુ'અહીંથી પ્રકાશિત થાય છે અને આયુર્વેદ તબીબો-સંશોધકો અત્યાર સુધીમાં સાડા પાચ હજારથી વધુ શોધપત્રો મહત્વના અને પ્રમાણિત જર્નલોમાં પ્રકાશિત કરીચુક્યાં છે.

આઈ.ટીઆર.એ. ખાતેવન નેશન-વન હેલ્થનામંત્રને ચરિતાર્થ કરવાં આયુર્વેદને આધુનિક અને અન્ય ચિકિત્સા પદ્ધતિ સાથે જોડી નવા આયામો આકાર આપવાની પ્રક્રિયા કાર્યરત છે, આગામી ભવિષ્યમાં આયુર્વેદ ક્ષેત્રના સિમાડાંઓ વિસ્તરણ કરવાની નેમ સાથે આયુર્વેદ પદ્ધતિની સુપર સ્પેસ્યાલિટી હોસ્પિટલ, આયુર્વેદ અને આયુર્વેદ ફાર્માસિ અભ્યાસક્રમોમાં અત્યાધુનિક પદ્ધતિ અને આધુનિક વિજ્ઞાન સાથે સમન્વય કરી સંશોધન અને સારવારની પદ્ધતિવિકસાવવા માટે કમર કસવામાં આવીરહી છે.

જામનગર એટલે આયુર્વેદ ક્ષેત્ર માટે પ્રથમેશઃ-

વર્ષ ૧૯૪૪માં રાજવી જામ પરિવાર દ્વારા આયુર્વેદ ચિકિત્સા માટે કેન્દ્ર સ્થપાયું ત્યાર બાદ વર્ષ ૧૯૪૬માં સૌપ્રથમ ગુલાબકુંવરબા આયુર્વેદ સંસ્થાની સ્થાપના થઈ અને/આઝાદી બાદ વર્ષ ૧૯૪૭માં આયુર્વેદ માટે આધુનિક સંશોધન કેન્દ્ર સ્થપાયું, વર્ષ ૧૯૫૪માંસી.આઇ.આર.આઇ.એસ.એમ. સૌપ્રથમ કેન્દ્રિય સંશોધન કેન્દ્ર પણ અહીં સ્થપાયું, વર્ષ ૧૯૫૬માં સૌપ્રથમ પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષણ સંસ્થાન પણ જામનગરમાં સ્થપાયું, વર્ષ ૧૯૬૭માં અહીં વિશ્વની સૌપ્રથમ આયુર્વેદ વિશ્વવિદ્યાલય શરૂ કરવામાં આવી, આયુર્વેદ ક્ષેત્રનું સૌપ્રથમડબલ્યુ.એચ. ઓ.નું કોલોબ્રેટિવ સેન્ટર પણ અહીંજ સ્થપાયું, વર્ષ ૨૦૨૦માંદેશની સૌપ્રથમઅને એકમાત્ર રાષ્ટ્રીય મહત્વનો દરજ્જો ધરાવતી સંસ્થાઆઇ.ટી.આર. એ. પણ અહીંસ્થપાઈ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ડબલ્યુ.એચ.ઓ. દ્વારા વિશ્વનું સૌપ્રથમ અને એક માત્ર આઉટ પોસ્ટ સ્ટેશન 'ગ્લોબલ ટ્રેડિશલ મેડિસિન સેન્ટર'(જી.ટી.એમ.સી.) પણજામનગરને ફાળેઆવ્યું છે. છેલ્લાં બે દાયકામાં આયુર્વેદને વિશ્વકક્ષાએ અભૂતપૂર્વ મહત્વ મળીરહ્યું છે અને કોરોના જેવીવૈશ્વિક મહામારીમાંતેને મહત્વપૂર્ણભાગ ભજવ્યોછે. ત્યારે તેના વિકાસ માટે સરકાર સખત અને સતત પ્રયત્નો કરી રહી છે તેમાં ભારત સરકારના આયુષ વિભાગના સચિવ તરીકે પદ્મશ્રી વૈદ્ય રાજેશ કોટેચાને સુકાન સોપવામાંઆવ્યું છે જેઓને વડાપ્રધાન મોદીજી 'ફ્લાઈંગ વૈદ્ય' તરીકેનવાજે છે. કારણ કે તેઓએ વિશ્વના ત્રણ ડઝનથીવધુદેશોમાં આયુર્વેદનો પ્રચાર-પ્રસાર કરી તેનુંફલક વિસ્તાર્યુંછે. તેઓગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પણ કાર્ય કરી ચૂક્યાં છે. હાલ આઈ.ટી.આર.એ.નાપ્રભારી નિયામકપ્રો બી.જે.પાટગીરીદ્વારા આયુર્વેદ જામનગરના આયુર્વેદ ક્ષેત્રને શિક્ષણ અને સંશોધનની બાબતમાં ઉત્તમોતમબનાવવા માટે પ્રયત્નશીલ છે.

કમલમ્,
વાઇબ્રન્ટ નવરાત્રી ઉત્સવ ૨૦૨૪ નું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા ૩જી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસથી જ અદભુત ઉત્સાહ અને જોશનું પ્રદર્શન કરતાં ગુજરાતના નવરાત્રી ચાહકોએ આ ઉત્સવને અપ્રતિમ આવકાર આપ્યો હતો અને ૩જા નોરતાથી સરેરાશ ૧,૫૦,૦૦૦ લોકોએ તેની મુલાકાત લીધી હતી. ૬ઠ્ઠા નોરતે લગભગ ૧,૬૫,૦૦૦ ગરબાપ્રેમીઓએ આ ઉત્સવમાં જુસ્સાથી ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ ગરબા અને દાંડિયા કલાકારોએ પરફોર્મ કર્યું હતું.

ખેડૂતોએ બેંક અથવા એટીએમ પર જવાની જરૂર નથી, ઘરેબેસીને ડાકિયા દ્વારા મળશે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ - પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

કમલમ્,
માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી એ મહારાષ્ટ્રના વાશિમમાં૦૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' યોજનાનો બહુપ્રતીક્ષિત ૧૮મોહપ્તોબહાર પાડ્યોત્યારે ખેડૂતોએ અને તેમના પરિવારજનોએ આનંદ અનુભવ્યો. પ્રધાનમંત્રીએ એક ક્લિકથી ડીબીટીમારફતે દેશભરના ૯.૪ કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં સીધી રીતે ૨૦ હજાર કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરી. હવે લાભાર્થી ખેડૂત ઘરે બેસીને આ રકમ તાત્કાલિક મેળવીશકે છે. આ સંબંધમાં 'રાષ્ટ્રીય ડાક દિવસ' અંતર્ગત 'અંત્યોદય દિવસ' પર માહિતી આપતા ઉત્તર ગુજરાત પરીક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ખેડૂતોપોતાના ખાતામાંજમા થયેલ ડીબીટી રકમ ઘરે બેસીને પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકના માધ્યમથી ઉપાડી શકે છે. આ માટે ખેડૂતોએ કોઈ બેંકની શાખાઅથવા એટીએમપર જવાનીજરૂર નહી પડે. દેશનાકોઈ પણ બેંકમાં આવેલામોબાઈલ અને આધાર લિંકડખાતાદ્વારાઘરે બેસીનેઆધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમના માધ્યમથી એક દિવસમાં ?૧૦,૦૦૦ સુધીની રકમ કાઢીશકાય છે. આ માટે ડાક વિભાગદ્વારા કોઈ શુલ્ક નથી લાગતું. ઉલ્લેખનીય છે કે ખેડૂતોની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ફેબ્રુઆરી ૨૦૧૯માં પ્રધાનમંત્રીકિસાન સન્માન નિધિની શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત લાભાર્થી ખેડૂતને એક વર્ષમાં ?૬,૦૦૦ની રકમ આપવામાં આવે છે. લાભાર્થી ખેડૂતને આ રકમ દર ૪ મહિનાના અંતરે ત્રણ હપ્તામાં બે-બેહજાર રૂપિયા કરીનેતેમના ખાતામાંડીબીટી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવેછે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે વર્તમાનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને રકમનું વિતરણ ડાકઘર અને ઈન્ડિયાપોસ્ટ પેમેન્ટ્સ બેંકના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. આ યોજનાઓમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ



રોજગાર ગેરંટી અધિનિયમ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ગંગાસ્વરૂપયોજના, શિષ્યવૃત્તિ, નમો લક્ષ્મી શિષ્યવૃત્તિ યોજના, પ્રધાનમંત્રીમાતૃ વંદના યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા પેન્શન યોજના વગેરે સામેલ છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના અંતર્ગત, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સબેંકમાં ૧ કરોડથી વધુખાતાઓમાં ?૨૫૪૪ કરોડની રકમ જમા કરવામાંઆવી છે. આ કોઈપણ બેંકમાં જમા થતી બીજી સૌથી મોટી રકમ છે. આ ઉપલબ્ધિ ખેડૂતોના હિતમાંસરકારના સતત પ્રયાસોને દર્શાવે છે, જેના કારણે તેમને આર્થિક સહાય મળી રહી છે.

વિકાસ સપ્તાહ: તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વનબંધુ કલ્યાણ યોજના થકી સુનિશ્ચિત કર્યો રાજ્યના આદિજાતિ ક્ષેત્રોનો સર્વાંગી વિકાસ

આદિજાતિ સમુદાય અને મુખ્ય પ્રવાહના સમુદાય વચ્ચેના અંતરને દૂર કરવા શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી

કમલમ્, ગાંધીનગર
૧૦ઓક્ટોબર, ૨૦૨૪:ગુજરાતમાંઅંબાજીથીમાંડીને ઉમરગામ સુધીના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં અંદાજે ૮૯ લાખથીવધુ આદિજાતિ બાંધવો વસે છે. આ તમામ આદિજાતિ લોકો સુખી, સ્વસ્થ અને આર્થિક રીતેસદ્ધર બનેતેવુંસ્વપ્નગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીનરેન્દ્ર મોદીએ સેવ્યું હતું. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, ત્યારે જ તેમણે આદિજાતિ બાંધવોના સર્વાંગીવિકાસ માટેનોસંકલ્પ કર્યોહતો. તેમના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજ્યના સર્વસમાવેશક વિકાસ અને અસરકારક અમલીકરણ તરફની પોતાની નીતિઓ દ્વારા આદિજાતિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આદિવાસી સમુદાય અને મુખ્ય પ્રવાહના સમુદાયવચ્ચેના અંતરને દૂર કરવામાટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના આદિવાસી સમુદાયોના વિકાસ માટે મહત્વપૂર્ણ ટર્નિંગપોઈન્ટ સાબિત થઈ હતી. ઉલ્લેખનીય છે કે, શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાએ ઘટનાને આજે ૨૩વર્ષ પૂર્ણથયા છે, જેના સન્માનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વહેઠળની ગુજરાતસરકાર ૭ઓક્ટોબરથી ૧૫ઓક્ટોબર ૨૦૨૪ સુધી 'વિકાસસપ્તાહ' ની ઉજવણી કરીરહી છે.આ ૨૩વર્ષોમાં ગુજરાતના આદિવાસીસમુદાયના સંકલિતસામાજિક-આર્થિક વિકાસમાટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે, જેમાં સૌથી મહત્વનું યોગદાન વનબંધુ કલ્યાણ યોજનાએ આપ્યું છે, જે શ્રી નરેન્દ્ર મોદીનું વિચારબીજ હતું. આદિવાસી સમુદાયોના સંકલિત, સર્વગ્રાહી અને સમાવેશી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના દ્વારા રાજ્ય સરકારે આજીવિકા, શિક્ષણ, આરોગ્ય, આવાસ, પીવાનું પાણી, સિંચાઈ અને મૂળભૂત સુવિધાઓની પહોંચ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ નીચેના ૧૦ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાંઆવ્યું હતુંઃ

૧. ગુણાત્મક અનેટકાઉ રોજગાર
૨. ગુણવત્તાયુક્ત શિક્ષણ
૩. આર્થિક વિકાસ
૪. આરોગ્ય
૫. આવાસ
૬. સલામત પીવાનું પાણી
૭. સિંચાઈ
૮. યુનિવર્સલ ઈલેક્ટ્રિફિકેશન
૯. ઑલ વેધર રોડ કનેક્ટિવિટી
૧૦. શહેરી વિકાસ

વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ માટે ગુજરાત સરકારે રાજ્યનાબજેટનો નોંધપાત્રહિસ્સોફાળવ્યોછે. ૨૦૦૭-૦૮થી૨૦૨૦-૨૧ એટલે કે વનબંધુ કલ્યાણ યોજના-૧ દરમિયાન, ગુજરાતના આદિવાસી સમુદાય અને આદિવાસી વિસ્તારોની આજીવિકા, આર્થિક સ્થિતિ, શિક્ષણ, માળખાકીય સુવિધાઓ, આરોગ્ય અને એકંદર સુખાકારી માટે ?૧.૦૨ લાખ કરોડથી વધુનો ખર્ચ કરવામાંઆવ્યો છે. આ યોજના હેઠળ હાથધરવામાં આવેલી વ્યાપક વિકાસલક્ષીપ્રવૃત્તિઓએ ગુજરાતની આદિજાતિ વસ્તીની સામાજિક-આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, અને આ મોડેલને રાષ્ટ્રીય માન્યતા પણ પ્રાપ્ત થઈ છે.

વનબંધુકલ્યાણયોજના-૧ હેઠળનીમહત્વની સિદ્ધિઓ

- આદિવાસી વિસ્તારોમાં ૮૦૩૫ પ્રાથમિક શાળાઓ, ૧૦૬૪ માધ્યમિક શાળાઓ, ૫૦૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૪૭ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓ, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ (GLRS), ૭૫ આદર્શ નિવાસી શાળાઓ (ANS), ૬૬૧ આશ્રમશાળાઓ, ૭૧ કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયો, ૧૨ મોડલ શાળાઓ, ૧૧ સાયન્સ કોલેજો, ૧૧ કોમર્સ કોલેજો, ૨૩ આર્ટસ કોલેજો, ૧૭૫ સરકારી છાત્રાલયો, ૯૧૦ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો કાર્યરત
- નર્મદા ખાતે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી અને ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની સ્થાપના
- ઉચ્ચ શહેરી શિક્ષણ કેન્દ્રોમાં આદિવાસી વિદ્યાર્થીઓની સુવિધા માટે અમદાવાદ, આણંદ, ભાવનગર, ભુજ, રાજકોટ, વડોદરા, હિંમતનગર, જામનગર, પાટણ અને સુરતમાં ૨૦ અત્યાધુનિક સમરસ છાત્રાલયોની સ્થાપના, સમરસ હોસ્ટેલમાં 30% બેઠકો આદિવાસી વિદ્યાર્થીઓ માટે અનામત
- આદિવાસી વિસ્તારોના તમામ મહેસૂલી ગામોને ઓલ વેધર રોડ કનેક્ટિવિટી સાથે આવરી લેવામાં આવ્યા
- આદિવાસી વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત અને સતત વીજ પુરવઠો પૂરો પાડવા માટે ૨૪૩ નવા સબ-સ્ટેશનની સ્થાપના, રાજ્યના તમામ ૫,૮૮૪ આદિવાસી ગામોને ૨૪૮૭ વીજ પુરવઠા સાથે આવરી લેવામાં આવ્યા
- વલસાડ, દાહોદ, બનાસકાંઠા અને ગોધરામાં મેડિકલ કોલેજો સાથે આદિવાસી વિસ્તારોમાં આરોગ્યસંભાળ સુવિધાઓ વધુ મજબૂત બનાવવામાં આવી
- 27 CHC, 85 PHC, 17 સ્પેશિયલ ન્યુ બોર્ન કેર યુનિટ (SNCU), 62 ન્યુ બોર્ન ચાઈલ્ડ સ્ટેબિલાઈઝેશન યુનિટ, ૧૪૦૧ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સ્થાપના
- સિકલ સેલ સ્ક્રિનિંગ પર વિશેષઝુંબેશ હાથ ધરવામાંઆવી, અને સિકલ સેલ રોગનું નિદાન થનારા દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી
- સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ (IDDP) હેઠળ, ૧.૫ લાખથીવધુ આદિવાસી મહિલા લાભાર્થીઓને લાભ
- વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો (VTCs), ઈન્ડિયન ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (ITIs) અને કૌશલ્ય વિકાસ કેન્દ્રો (KVKs) દ્વારા ૧૮ લાખથી વધુ આદિવાસી યુવાનોને તાલીમ અને પ્લેસમેન્ટ
- લિફ્ટ ઈરીગેશન, ચેકડેમ પર ભાર મૂકીને ૧૧ લાખ એકર વધારાની જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી
- પ્રધાનમંત્રીઆવાસ યોજના, હળપતિ આવાસ યોજના, આદિમજુથ વગેરે જેવી યોજનાઓ હેઠળ ૬ લાખથી વધુ આદિવાસી પરિવારોને આવાસ સહાય
- ૫ લાખથી વધુ આદિવાસી પરિવારોને નળ વાટે પાણીની કનેક્ટિવિટી

વનબંધુ કલ્યાણ યોજના-૧ની સફળતાના પગલે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી વનબંધુ કલ્યાણ યોજનાનો બીજો તબક્કોએટલે કે વનબંધુ કલ્યાણયોજના ૨.૦ અમલમાં મૂકી. આ માટે ?૧ લાખ કરોડનું મહત્વાકાંક્ષી બજેટ ફાળવવામાં આવ્યું અને આ સફળપહેલ આજે ૧૭વર્ષ પછીપણ આદિજાતિ ક્ષેત્રોના વિકાસમાંમહત્વનું યોગદાનઆપીરહીછે. વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળના મહત્વપૂર્ણ કામોની વિગતોઃ

- વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળરૂ.૨૫૦ કરોડના ખર્ચે ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) દ્વારા ૩૫ નવી આદર્શનિવાસી શાળાઅને ૩૦ શાળાઓ, કોલેજ જતા વિદ્યાર્થીઓ માટે ૧૦૦ છાત્રાલયો, તેમજ આશ્રમશાળાનું નવીનીકરણ અને આધુનિકીકરણ હાથધરવાનું આયોજન
- ૨૫ બિરસામુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઑફ એક્સેલન્સ દ્વારા ધોરણ ૬ થી ધોરણ ૧૨ સુધીના ૫૦,૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ગુણવત્તાયુક્ત શિક્ષણ
- રમત-ગમત ક્ષેત્રેપ્રતિભાશાળી આદિવાસી વિદ્યાર્થીઓની પ્રતિભાને નિખારવામાટે એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ શાળાઓને ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ સ્કીમ અને ઈન-સ્કૂલ સ્કીમ ઓફ સ્પોર્ટ્સ સાથે સંકલિત કરવાનું આયોજન
- તમામ આદિવાસી જિલ્લાઓમાં મેડિકલ કોલેજ અને નર્સિંગ કૉલેજના વિઝનને સાકાર કરવા માટે સિકલ સેલ સેન્ટર ઑફ એક્સલન્સ, ૪ નવી મેડિકલ કૉલેજ અને ૩ નર્સિંગ કૉલેજની સ્થાપના કરવામાં આવશે
- ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં આવેલા બાકીના ૫૦૦થી વધુ ગામડાઓમાં મોબાઈલ કનેક્ટિવિટી મોબાઈલ ટાવરની સ્થાપના દ્વારા મજબૂત કરવાનું આયોજન
- આદિવાસી વિસ્તારોમાં રોજગારી પેદા કરવા માટે ૮ નવી MSME-GIDC એસ્ટેટની સ્થાપના
- ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ (GTDC) ની વિવિધ યોજનાઓ જેવીકે, સ્વરોજગાર, વિદેશી અભ્યાસ, વાણિજ્ય પાયલોટ, પોલ્ટ્રી ફાર્મ, મોબાઈલ વાન વગેરે હેઠળ ૧.૨૫ લાખથી વધુ આદિવાસીઓને લોન સહાય
- આદિવાસી વિસ્તારોમાં અવિરત વીજ પુરવઠો વધારવા માટે ૫૬ નવા સબસ્ટેશનની સ્થાપના
- ગામડાઓ વચ્ચેના જોડાણ અને ગામથી ફળિયા/વસાહતને વધારવા માટે લગભગ ૪૦૦૦ કિમી લંબાઈના રોડનું મજબૂતીકરણ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શાળાઓને પણ મેટલ રોડથી જોડવાનું આયોજન

વર્ષ ૨૦૨૨-૨૩માં વનબંધુકલ્યાણ યોજના હેઠળ રાજ્યસરકાર દ્વારા થયેલી નવી પહેલો

- આદિવાસી વિસ્તારોમાં ૫૦૦થી વધુ આદિવાસી ગામોમાં મોબાઈલ કનેક્ટિવિટી સુવિધાઓ પૂરીપાડવા માટે ?૧૧૧ કરોડની ફાળવણી
- ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે, સામાજિક ભાગીદારી સાથે આદિવાસી વિસ્તારોમાં ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ નિવાસી શાળાઓની સ્થાપનાનું આયોજન, જ્યાં ૫૦ હજાર આદિવાસી વિદ્યાર્થીઓનેપ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવામાં આવશે. આ નિવાસી શાળાઓ માટે ?૪૫ કરોડની ફાળવણી
- ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોઅને આશ્રમશાળાઓમાંરહેતા અંદાજે ૧ લાખ ૪૩ હજાર આદિવાસી વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતા માસિક નિર્વાહ ભથ્થાને પ્રતિ માસ ?૧૫૦૦ થીવધારીને ?૨૧૬૦ કરવા માટે ?૫૦૩ કરોડની જોગવાઈ
- પ્રાથમિક શાળાઓમાંઅભ્યાસ કરતાઅંદાજે ૧૩ લાખ આદિવાસી વિદ્યાર્થીઓને ગણવેશસહાય માટે ચૂકવવામાં આવતીરકમ ?૬૦૦ થી વધારીને ૯૦૦ કરવામાંઆવી. આ માટે ૮૧ કરોડની ફાળવણી
- આદિવાસીવિસ્તારોના ખેડૂતોને ખેતી માટે પાવર ટિલરનો ઉપયોગ કરવાપ્રોત્સાહિત કરવાસહાયની નવીયોજના હેઠળ ?૩૮ કરોડની જોગવાઈ
- આદિવાસી વિસ્તારોમાંરોજગારીની તકો ઊભી કરવા ઔદ્યોગિક સાહસિકતાનેપ્રોત્સાહનઆપવા 8 MSME G.I.D.C એસ્ટેટ બનાવવા માટે ?૪૦ કરોડની જોગવાઈ
- કેન્દ્ર સરકારની PM મિત્ર યોજના હેઠળ મોટાપાયે રોજગારીની તકો ઊભી કરવા નવસારી જિલ્લાના વાંસી-બોરસીખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ ટેક્સટાઈલપાર્ક સ્થાપવાનું આયોજન
- આદિવાસી ગામડાઓમાં ગામડાઓથી શાળા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સુધી પુલ અને ડામર રસ્તાઓ બાંધવામાટે ?૧૦૫ કરોડની જોગવાઈ
- ?૧૨૦૦ કરોડના અંદાજિત ખર્ચે વઘઈ-સાપુતારા રોડના ૪૦ કિમીના પટને ફોર લેનમાંફેરવવાનું આયોજન
- અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સંભાળ સેવાઓ સુલભ બનાવવા મોટરસાયકલ આધારિત ૧૫ મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરવા ૨ કરોડની જોગવાઈ.
- હાલમાં, સગર્ભા માતાઓને પૂરક પોષણ પૂરું પાડતી પોષણ સુધા યોજના આદિવાસી વિસ્તારોમાં ૧૦ તાલુકાઓમાં અમલમાં છે. આ યોજના બહુમતી આદિવાસી વસ્તી ધરાવતા ૭૨ તાલુકાને આવરી લેશે અને આ યોજના હેઠળ વ્યક્તિ દીઠ થતાખર્ચમાં ૫૦ ટકાનો વધારો કરશે. આ યોજના માટે ?૧૧૮ કરોડની જોગવાઈ.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :- Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028